Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/૧૩૭૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૧૫/૦૯/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ પ્રાથમિક,સરકારી, અનુદાનિત અને બિન અનુદાનિત માધ્યમિક,ઉ.મા. શાળાઓ તરફ઼જિ-સુરત

આ સાથે સામેલ આરોગ્ય અધિકારીશ્રી,સુરત મહાનગર પાલિકાના પત્ર ક્રમાંક/ વી.બી.ડી.સી.ડી.પીએચડી/૧.૦/૧૪૬૫ તા.૦૬/૦૯/૨૦૨૨ અન્વયે "રાષ્ટ્રીય હાથીપગા નિમુર્લન "કાર્યક્રમ અંતર્ગત શહેરની શાળાઓમાં ટ્રાન્સમિશન એસેસમેન્ટ સર્વે કરવા બાબતે જાણ તથા અમલ થવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ડૉ. પ્રદીપ ઉમરીગર
એમ.બી.બી.એસ.,ડી.પી.એચ.
આરોગ્ય અધિકારી

સુરત મહાનગરપાલિકા
મુગલીસરા-૩૯૫૦૦૩

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
ત્રીજો માળ,જિલ્લા સેવાસદન–૨,
સુરત.

V.B.D.C.D. PHD/I.O./Out No. 1465
Surat Municipal Corporation
Dt.: 06-09-2022

વિષય :– " રાષ્ટ્રીય હાથીપગા નિમુર્લન" કાર્યક્રમ અંતર્ગત શહેરની શાળાઓમાં ટ્રાન્સમિશન એસેસમેન્ટ સર્વે કરવા બાબત.

સંદર્ભ :– અધિક નિયામકશ્રી, એન.વી.બી.ડી.સી.પી., ગાંધીનગરનાં પત્ર નં.૧૬૦/ELF/TAS/એમ–ટેક/૨૦૨૨ તા.૩–૯–૨૨

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે હાથીપગોએ જાહેર આરોગ્યની એક મુખ્ય સમસ્યા છે. આ રોગથી સામાન્યતઃ મૃત્યુ થતુ નથી પરંતુ આ રોગના દર્દીની જીવનભરની ખુશાલી છિનવાઈ જાય છે. હાથીપગો મચ્છર કરડવાથી એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં ફેલાય છે. હાથીપગા રોગના જંતુ એક પ્રકારના કૃમિ છે. પુખ્ત કૃમિ મનુષ્યની લસીકાગ્રંથી અને લસીકાવાહિનીમાં રહે છે અને નાના કૃમિને જન્મ આપે છે. તે લોહિમાં ફરતા રહે છે. અને જયારે મચ્છર આ મનુષ્યને કરડે ત્યારે તેના લોહીમાં ફરતા કૃમિને લોહીની સાથે ચુસી બીજી વ્યક્તિને ચેપ લગાડી શકે છે.

ચેપ લાગ્યા પછી ઘણાં વર્ષો સુધી કોઈ ચિન્હો દેખાતા નથી. અથવા સમયાંતરે તાવ આવે છે. ઘણાવર્ષો સુધી કોઈ કોઈ વાર સાધારણ તાવ બાદ પગ પર સોજો આવે છે. અને દર્દીની પરિસ્થિતી ગંભીર બને છે. એક વાર હાથીપગાનો રોગ લાગુ પડી ગયા બાદ તેને મટાડવાનો કોઈ ઈલાજ નથી. આથી MDA (સામુહિક દવા વિતરણ) દ્વારા દરેક વ્યક્તિને હાથીપગાની ગોળી ગળાવવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા પણ આ રીતે વર્ષ ૨૦૦૪ થી ૨૦૧૫ સુધી MDA ના ૧૨ રાઉન્ડ કરવામાં આવેલ છે. અને હવે" રાષ્ટ્રીય હાથીપગા નિમુર્લન" કાર્યક્રમ અંતર્ગત સરકારશ્રીની સુચના મુજબ ૨૦૦૪ પછી જન્મેલા ૬ થી ૭ વર્ષના બાળકોના લોહીમાં હાથીપગાના જંતુ છે કે કેમ તે ચકાસવા નેશનલ ગાઈડ લાઈન મુજબ શાળાઓમાં ધોરણ ૧ તથા ૨ ના વિદ્યાર્થીઓમાં ફાઈલેરીયા ટેસ્ટ સ્ટ્રીપ (FTS) દ્વારા ફાઈલેરીયાના એડલ્ટ વોર્મનું ઈન્ફેકશન ચકાસવા ટ્રાન્સમિશન એસેસમેન્ટ (TAS) સર્વે કરવાનો થાય છે. જેથી માસ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (MDA) કન્ટીન્યુ રાખવું કે કેમ તે નકકી કરવામાં આવશે.

ઉપરોકત વિગતે શહેરની તમામ શાળાઓને પરિપત્રિત કરવાની રહેશે. શહેરની તમામ શાળાઓ પૈકી કોમ્પ્યુટરની મદદથી સોફટવેર દ્વારા રેન્ડમલી સિલેકટ થયેલ શાળાઓમાં સપ્ટેમ્બરના છેલ્લા પખવાડિયામાં FTS દ્વારા બાળકોના લોહીની તપાસ કરવામાં આવશે. જે અંગે શાળાના ધોરણ ૧ અને ૨ ના તમામ વિદ્યાર્થીઓના વાલીઓને વિગતે માહિતગાર કરવાના થાય છે. ઉપરોકત કામગીરી માટેની ટીમમાં બે લેબોરેટરી ટેકનીશયન, બે પ્રાયમરી હેલ્થ વર્કર અને એક વર્ગ શિક્ષક ને સામેલ કરવાના રહેશે.

આ કાર્યક્રમ અંગેની વધુ માહિતી માટે સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગના જંતુનાશક અધિકારી ડૉ.કેશવ વૈષ્ણવનો સંપર્ક કરવા વિનંતી. ( મોબાઈલ નં. ૯૭૨૪૩૪૫૪૮૦ ) અગાઉ પણ વર્ષ ૨૦૧૬ તથા ૨૦૧૮માં આ પ્રકારના રાષ્ટ્રીય પ્રોગામનું આયોજન કરવામાં આવેલ હતું.જેમાં આપણા સહકારથી સફળતા પૂર્વક કાર્યક્રમ કરવામાં આવેલ હતો તો હાલમાં પણ સદર રાષ્ટ્રીય કાર્યક્રમમાં સાથ–સહકાર આપી આપનો આભારી બનાવશો.

આરોગ્ય અધિકારી શ્રી
સુરત મહાનગરપાલિકા

સત્યમેવ જયતે

ડૉ.નિલમ પટેલ
અધિક નિયામક (જાહેર આરોગ્ય)

કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી,
બ્લોક નં. ૫ / ૨, ડૉ.જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦, ગુજરાત.
ફોન નં.૦૭૯-૨૩૨૫૭૯૪૮ ફેક્સ નં.૨૩૨૫૪૫૪૪
Email: adph.gujarat@gmail.com
adir-hlt@gujarat.gov.in

નં.૧૬૦/ELF/TAS/એમ-ટેક/૨૦૨૨

તા. ૩ /૯/૨૦૨૨

પ્રતિ,

- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,
  જીલ્લા પંચાયત, સુરત, વલસાડ, નવસારી, વડોદરા, રાજકોટ, મોરબી, જામનગર, દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીરસોમનાથ અને અમરેલી.
- આરોગ્ય અધિકારીશ્રી, મહાનગરપાલિકા, સુરત, રાજકોટ, જામનગર અને. જુનાગઢ

વિષય – TAS -2 અને TAS 3 ના અમલીકરણ બાબત.

સંદર્ભ - નિયામકશ્રી, NCVBDC, દિલ્હીનો તા.૨/૯/૨૦૨૨ ના ઈમેઈલ થી પ્રાપ્ત મંજુરી.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત ઈ-મેઈલથી NCVBDC, દિલ્હી દ્વારા એલીમીનેશ ઓફ લીમ્ફેટીક ફાઈલેરિયાસીસ અંતર્ગત નીચે મુજબના EU માં હાથ ધરવાની થતી TAS–૨ TAS – ૩ની કામગીરી માટે મંજુરી પુરી પાડેલ છે.

| Sr. No | Name of EU | Dist./ Corp. bifurcated/ integrated based on limit of 20.0 lakh population for EUs | FTS allotted | FTS allotted for TAS- II and III |
|---|---|---|---|---|
| 1 | Surat Rural | Surat Rural | 1800 | TAS-III |
| 2 | SMC | EU1 | 1800 | TAS-III |
| 3 | | EU2 | 1800 | TAS-III |
| 4 | | EU3 | 1800 | TAS-III |
| 5 | | EU4 | 1800 | TAS-III |
| 6 | Valsad | Valsad | 2200 | TAS-II |
| 7 | Navsari | Navsari | 1800 | TAS-II |
| 8 | Rajkot | Rajkot | 1800 | TAS-III |
| 9 | Morbi | Morbi | 1800 | TAS-III |
| 10 | RMC | Rajkot | 1800 | TAS-III |
| 11 | Jamnagar | Jamnagar + Jamnagr Corporation | 1800 | TAS-III |
| 12 | Dwarka | Dwarka | 1800 | TAS-III |
| 13 | Junagadh | Junagadh + Junagadh Corporation | 1800 | TAS-III |
| 14 | Porbandar | Porbandar | 1800 | TAS-III |
| 15 | Girsomnath | Girsomnath | 1800 | TAS-III |
| 16 | Amreli | Amreli | 1800 | TAS-III |
| 17 | Vadodara (Dabhoi) | Dabhoi town | 650 | TAS-III |
| **Total** | | | **29850** | |

C:\Users\admin\Desktop\TAS.docx-13

V.B.D.C.D ... No. 1851
Surat Municipal Corporation
Dt.: 05-9-2022

રાજ્યમાં નિયત કરેલ ઉપર મુજબના EU માં TAS ની કામગીરી તા.૧૨/૯/૨૦૨૨ થી શરૂ કરી તા.૨૩/૯/૨૨ પહેલા પુર્ણ કરવાની રહેશે જેથી સામેલ રાખેલ પત્રક અનુસાર FTS સર્વેનો ટીમ વાઇઝ માઇક્રો પ્લાન અંગ્રેજીમાં તૈયાર કરી તા.૭/૯/૨૨ પહેલા અત્રેની કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે. TAS માટે જરૂરી FTS અત્રેની કચેરી દ્વારા સબંધિત EU ને ફાળવી આપેલ છે. જે મેળવેલ ન હોય તો તા.૬/૯/૨૨ પૂર્વે વિના વિલંબે મેળવી લેવાની રહેશે.

વધુમાં FTS સર્વેનો દૈનિક રીપોર્ટ સામેલ રાખેલ પત્રકમાં અત્રેની કચેરીને મોકલી આપવાનો રહેશે.

બિડાણ – ઉપર મુજબ.

(ડૉ.નિલમ પટેલ) પત્ર
અધિક નિયામક (જાહેર આરોગ્ય)
ગાંધીનગર

<u>નકલ રવાના</u> –

- વિભાગીય નાયબ નિયામકશ્રી, આ. અને ત.સે., સબંધકર્તા, તમામ ....... જાણ જરૂરી થવા સારૂ.

<u>નકલ</u> –

- જીલ્લા મેલેરિયા અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, સબંધકર્તા, તમામ..જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.
- બાયોલોજીસ્ટશ્રી / મેલેરિયા અધિકારીશ્રી / ઈન્સેક્ટીસાઈડ ઓફીસરશ્રી, મહાનગરપાલિકા, તમામ ..... જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.